અપીલ અરજી નં.૩૯૮ તા.૮–૨–૧૦

અરજદારઃ– શ્રી બળવંતલાલ ઠાકોરદાસ રાણા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી બળવંતલાલ ઠાકોરદાસ રાણાની તા.૨૪–૧૨–૦૯ ની અરજીથી સર્વે નં.૨૦૯–૧+૨, ૨૧૦ પૈકી ઉધના હરિનગર–૨ માં પ્લોટ નં.૧૨૭ ના જમીનમાંથી નવા બાંધકામ કરવા માટે પ્લાન પાસ થયેલ છે કે અને પ્લાન પાસ થયેલ હોય તો બાંધકામ કેટલા બાય કેટલાના ફુટનું બાંધકામની પરમીશન આપેલ છે. કે તેની માહિતી.તથા બીન કોલમનું આરસીસીનું નવું બાંધકામ થતું હોય તેબ ાબતે પ્લાન પાસ થયેલની નકલ અને પ્લાનમાં કેટલા બાય કેટલાનું બાંધકામની પરવાનગી આપેલ તેની માહિતી બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૦–૨–૧૦ ની અપીલ અરજી નં.૩૯૮/૨૦૦૯–૧૦

શ્રી બળવંતલાલ ઠાકોરદાસ રાણાની તા.૨૪–૧૨–૦૯ ની અરજીથી સર્વે નં.૨૦૯–૧+૨, ૨૧૦ પૈકી ઉધના હરિનગર–૨ માં પ્લોટ નં.૧૨૭ ના જમીનમાંથી નવા બાંધકામ કરવા માટે પ્લાન પાસ થયેલ છે કે અને પ્લાન પાસ થયેલ હોય તો બાંધકામ કેટલા બાય કેટલાના ફુટનું બાંધકામની પરમીશન આપેલ છે. કે તેની માહિતી તથા બીન કોલમનું આરસીસીનું નવું બાંધકામ થતું હોય તે બાબતે પ્લાન પાસ થયેલની નકલ અને પ્લાનમાં કેટલા બાય કેટલાનું બાંધકામની પરવાનગી આપેલ તેની માહિતી બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૩૧૨ તા.૧૮–૨–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૦૯ તા.૩–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/ટેક./૫૪ તા.૮–૨–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૪–૧૨–૦૯ ની ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૫૪ તા.૮–૨–૧૦ થી અરજદારને " અરજીમાં દર્શાવેલ પ્રશ્નવાળી મિલ્કત પ્લોટ નં.૧૨૭ હરીનગર–૨ મિલ્કતમાં કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી પરંતુ " દિવ્યવસુંધરા યોજના" અંર્તગત લો–કોસ્ટ હાઉસીંગનું આયોજન વર્ષો પહેલા મંજુર કરવામાં આવેલ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ વિગત પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના),..જાણ તથા અમલ માટે
(૨) શ્રી બળવંતલાલ ઠાકોરદાસ રાણા,